# લઘુમતી ભાષાના નાગરિકો માટે મતદાન સુરક્ષા મતદાન અધિકાર અધિનિયમની કલમ 203

આપણા વૈવિધ્યસભર દેશમાં, અંગ્રેજી એ ઘણા અમેરિકન નાગરિકોની પ્રાથમિક ભાષા નથી, અને ઘણાને અંગ્રેજી વાંચવાની, બોલવાની, લખવાની અથવા સમજવાની ક્ષમતા મર્યાદિત હોય છે. મર્યાદિત-અંગ્રેજી નિપુણતા ધરાવતા નાગરિકોને માહિતગાર મતદારો બનવા માટે અને આપણી લોકશાહીમાં અસરકારક રીતે ભાગ લેવા માટે અંગ્રેજી સિવાયની અન્ય ભાષાઓમાં માહિતીની જરૂર છે. મતદાન અધિકાર અધિનિયમ (Voting Rights Act, VRA) ની કલમ 203 આ પૈકીઘણા અમેરિકનોના મતદાન અધિકારોનું રક્ષણ કરે છે.

## મતદાન અધિકાર અધિનિયમની કલમ 203[1]

કલમ 203 નો હેતુ એ સુનિશ્ચિત કરવાનો છે કે નાગરિકોને મત આપવા માટે નોંધણી કરવાની, ચૂંટણીની વિગતો જાણવાની અને માહિતગાર થઈને મતદાન કરવાની અસરકારક તક મળે.

કોંગ્રેસે કલમ 203 નો સમાવેશ કરવા માટે 1975 માં VRA માં સુધારો કર્યો હતો કારણ કે તેને જાણવા મળ્યું કે હિસ્પેનિક, એશિયન અમેરિકન, મૂળ અમેરિકન અને અલાસ્કાના મૂળ નાગરિકો ("લઘુમતી ભાષા")ને "ચૂંટણી પ્રક્રિયામાં ભાગ લેવાથી અસરકારક રીતે બાકાત રાખવામાં આવ્યા છે." તેમના બંધારણીય અધિકારોનું રક્ષણ કરવા માટે, કોંગ્રેસે કહ્યું કે, "આવો ભેદભાવ દૂર કરવો આવશ્યક છે."

### *કલમ 203 દ્વારા કઈ ભાષાના સમુદાયોને આવરી લેવામાં આવ્યા છે?*

કલમ 203 "લઘુમતી ભાષા" ના નાગરિકોનું રક્ષણ કરે છે: હિસ્પેનિક, એશિયન અમેરિકનો, મૂળ અમેરિકન અને અલાસ્કાના મૂળ નાગરિકો.

### *અંગ્રેજી સિવાયની ભાષાઓમાં સામગ્રી અને સહાય કોણે આપવી જોઈએ?*

[1] આ માર્ગદર્શિકા મતદાન અધિકાર અધિનિયમની કલમ 203 હેઠળ લઘુમતી ભાષાના સમૂહોના અધિકારો અંગેની માહિતી પ્રદાન કરે છે. માર્ગદર્શિકા કાનૂની જવાબદારીઓ લાદતી નથી અને તેનો હેતુ સર્વગ્રાહી બનવાનો નથી.

દર પાંચ વર્ષે, યુનાઇટેડ સ્ટેટ્સ સેન્સસ બ્યુરો અધિકારક્ષેત્રોની યાદી બહાર પાડે છે (ઉદાહરણ તરીકે, કાઉન્ટીઓ અને શહેરો) કે જેમાં એક અથવા વધુ બિન-અંગ્રેજી ભાષાઓમાં ચૂંટણી-સંબંધિત સામગ્રી અને સહાય પૂરી પાડવી આવશ્યક છે. આ યાદી બનાવવા માટે સેન્સસ બ્યુરો કલમ 203 માં એક ફોર્મ્યુલા લાગુ કરે છે. કેટલાક સ્થળોએ, બે અથવા વધુ લઘુમતી ભાષાના સમૂહો કલમ 203 ની જરૂરિયાતોને લાગુ  કરવા માટે પૂરતી સંખ્યામાં રહેતા હોય છે. ડિસેમ્બર 2021 માં બહાર પાડવામાં આવેલ, આવરી લેવાયેલા અધિકારક્ષેત્રોની સૌથી તાજેતરની સૂચિ www.justice.gov/crt/about-language-minority-voting-rightsપર છે .

### *અધિકારક્ષેત્રને કેવી રીતે ખબર પડે છે કે તેને કલમ 203 હેઠળ આવરી લેવામાં આવ્યું છે?*

સેન્સસ બ્યુરોના નિર્ણયોને અનુસરીને, યુનાઇટેડ સ્ટેટ્સ ન્યાય વિભાગ ("વિભાગ") અધિકારક્ષેત્રોને સૂચિત કરે છે કે તેઓને કલમ 203 હેઠળ આવરી લેવામાં આવ્યા છે.

### *કલમ 203 મુજબ આવરી લેવાયેલા અધિકારક્ષેત્રોને શું કરવાની જરૂર છે?*

અંગ્રેજીમાં ચૂંટણી-સંબંધિત સામગ્રીઓ અને મૌખિક ભાષા સહાય પૂરી પાડતા આવરી લેવાયેલા અધિકારક્ષેત્રોએ તે સામગ્રી અને સહાયને જરૂરી બિન-અંગ્રેજી ભાષામાં પણ ઉપલબ્ધ કરાવવી જોઇએ જેથી નાગરિકો ચૂંટણીમાં અસરકારક રીતે ભાગ લઈ શકે. કલમ 203 ની આવશ્યકતાઓ મતદાન પ્રક્રિયાના, મતની નોંધણીથી લઈને ચૂંટણીઓ હાથ ધરવા અને મતદાન કરવા સુધીના તમામ તબક્કાઓ પર લાગુ થાય છે.

### *કઈ ચૂંટણીઓ કલમ 203ને આધીન છે?*

કલમ 203 ની જરૂરિયાતો સામાન્ય, પ્રાથમિક અને વિશેષ ચૂંટણીઓ સહિત આવરી લેવાયેલા અધિકારક્ષેત્રની અંદર કોઈપણ પ્રકારની સંઘીય, રાજ્ય સ્તરની અથવા સ્થાનિક ચૂંટણીઓને લાગુ પડે છે.

## સચોટ રીતે અનુવાદ અને અસરકારક રીતે વિતરણ કરવામાં આવેલ દ્વિભાષી ચૂંટણી સામગ્રી

### *ચૂંટણી સંબંધિત કઈ સામગ્રીનું અનુવાદ કરવું જોઈએ?*

જ્યારે આવરી લેવામાં આવેલ અધિકારક્ષેત્રો કોઈપણ નોંધણી અથવા મતદાન નોટીસ, ફોર્મ, સૂચનાઓ, સહાય, મતપત્રો અથવા અન્ય સામગ્રીઓ અથવા મતદાન પ્રક્રિયા અથવા ચૂંટણી વિશેની માહિતી પ્રદાન કરે છે, ત્યારે તેઓએ તે સામગ્રી

અંગ્રેજી અને જરૂરી લઘુમતી ભાષા બંનેમાં પ્રદાન કરવી આવશ્યક છે.

આવરી લેવાયેલા અધિકારક્ષેત્રોએ ખાતરી કરવી જોઈએ કે જરૂરી બિન-અંગ્રેજી ભાષામાં લેખિત માહિતી અને સામગ્રી સ્પષ્ટ, સંપૂર્ણ અને સચોટ રીતે અનુવાદિત છે.

અનુવાદો સચોટ હોવા જોઈએ અને લઘુમતી ભાષાના સમુદાયની જરૂરિયાતોને પૂર્ણ કરતા હોવા જોઈએ. સ્થાનિક અધિકારીઓએ અનુવાદિત સામગ્રીની ચોકસાઈ અને લઘુમતી ભાષાના સમુદાય માટે

વિશિષ્ટ એવી બોલીઓમાં નોંધપાત્ર તફાવત જેવી કોઈપણ ભિન્નતા અંગે આવરી લેવામાં આવેલ લઘુમતી ભાષાના સમૂહના સભ્યોનો સંપર્ક કરવો જોઈએ.

ઐતિહાસિક રીતે અલિખિત ભાષાઓ માટે, ચૂંટણીની માહિતી પાત્ર મતદારોને શ્રેષ્ઠ રીતે કેવી રીતે પહોંચાડવી તે નિર્ધારિત કરવા માટે અધિકારક્ષેત્રોએ લઘુમતી ભાષાના સમુદાયો સાથે કામ કરવું જોઈએ.

## દ્વિભાષી ચૂંટણી કર્મચારીઓ અને મતદાન કાર્યકરો

***કલમ 203 હેઠળ લઘુમતી ભાષાના મતદારોને મૌખિક ભાષા સહાય કેવી રીતે આપવામાં આવે છકલમ 203 હેઠળ આવરી લેવાયેલા અધિકારક્ષેત્રોએ લઘુમતી ભાષાના સમુદાયોના મતદારોને મતદાન પ્રક્રિયામાં અસરકારક રીતે ભાગ લેવા દેવા માટે મૌખિક સહાય પૂરી પાડવી આવશ્યક છે.***

તેઓ સામાન્ય રીતે મતદાન સ્થળો પર દ્વિભાષી મતદાન કાર્યકરોની ભરતી દ્વારા આવું કરે છે જેઓને તેમની જરૂર હોય છે. મતદાન કાર્યકરોને VRA ની ભાષા સહાયતાની જરૂરિયાતો પર તાલીમ આપવામાં આવે તે મહત્વપૂર્ણ છે.

મતદાન સ્થળ પર જરૂરી દ્વિભાષી મતદાન કાર્યકરોની સંખ્યા નિર્ધારિત કરવા માટે, આવરી લેવાયેલા અધિકારક્ષેત્રોએ આવરી લેવામાં આવેલ લઘુમતી ભાષાના સમૂહના કેટલા સભ્યો હદમાં નોંધાયેલા મતદારો છે તે વિશેની અને તેમની અંગ્રેજી કુશળતા વિશેની માહિતીને ધ્યાનમાં લેવી જોઈએ.

સમુદાયનો સંપર્ક કરવાથી સ્થાનિક ચૂંટણી અધિકારીઓને દ્વિભાષી મતદાન અધિકારીઓ અને કામદારોને ઓળખવામાં અને ભરતી કરવામાં મદદ મળી શકે છે.

# સમુદાય સંલગ્નતા અને સંપર્ક

### *ચૂંટણી અધિકારીઓ દ્વિભાષી ચૂંટણી કાર્યક્રમના વિકાસમાં સમુદાયના સભ્યો અને અન્ય હિસ્સેદારોને કેવી રીતે સામેલ કરી શકે?*

લઘુમતી ભાષાના સમુદાયના સભ્યો અને અન્ય હિમાયતીઓ તથા હિતધારકો અસરકારક દ્વિભાષી ચૂંટણી કાર્યક્રમ વિકસાવવામાં અને તેને જાળવવામાં મદદ કરી શકે છે.

કાયદાકીય જરૂરિયાતો અને ભાષા સમુદાયની જરૂરિયાતોને પૂર્ણ કરતા અસરકારક કાર્યક્રમને અમલમાં મૂકવા માટે, સ્થાનિક ચૂંટણી અધિકારીઓએ લઘુમતી ભાષાના સમુદાય અને તે સમુદાય સાથે કામ કરતી સંસ્થાઓમાંના વ્યાપક સંપર્કો સાથે વિચારવિમર્શ કરવો જોઈએ.

ચૂંટણી અધિકારીઓએ ચૂંટણીની માહિતીનો પ્રચાર કરવા, દ્વિભાષી કાર્યકરોની ભરતી કરવા અને મતદારોની જરૂરિયાતો પૂરી કરવાની શ્રેષ્ઠ રીતો શીખવા માટે પણ તેમના લઘુમતી ભાષાના સમુદાયોના

સભ્યોની સલાહ લેવી જોઈએ. આ પ્રચારમાં, જ્યાં ઉપલબ્ધ હોય ત્યાં, લઘુમતી ભાષાના માધ્યમોનો ઉપયોગ, અને ચૂંટણી વેબસાઇટ પર સચોટ રીતે અનુવાદિત સામગ્રીનો સમાવેશ થવો જોઈએ.

### *સમુદાયના સભ્યો દ્વિભાષી ચૂંટણી કાર્યક્રમમાં કેવી રીતે ભાગ લઈ શકે?*

સમુદાયના સભ્યો સૂચનો કરવા અને લઘુમતી ભાષાના ચૂંટણી કાર્યક્રમમાં સક્રિયપણે ભાગ લેવા માટે સ્થાનિક ચૂંટણી અધિકારીઓ, તેમજ શહેર અને કાઉન્ટીના અધિકારીઓનો સંપર્ક કરી શકે છે. દ્વિભાષી સમુદાયના સભ્યો મતદાન કાર્યકરો તરીકે સેવા આપવા, અનુવાદિત સામગ્રી પર પ્રતિસાદ આપવા અથવા મર્યાદિત-અંગ્રેજી નિપુણ મતદારોની ભાષા જરૂરિયાતોને ઓળખવામાં મદદ કરવા માટે સ્વયંસેવક પણ બની શકે છે.

સમુદાયના સભ્યોએ કલમ 203 ના અનુપાલનની કોઈપણ સમસ્યાઓની જાણ સ્થાનિક ચૂંટણી અધિકારીઓને કરવી જોઈએ અને, જો તે અધિકારીઓ સમસ્યાઓનું યોગ્ય રીતે નિરાકરણ ન કરે, તો વિભાગને 1-(800) 253-3931 પર અથવા www.civilrights.justice.gov પર સૂચિત કરવું જોઈએ.

# યુનાઇટેડ સ્ટેટ્સના ન્યાય વિભાગની ભૂમિકા

### *આવરી લેવાયેલા અધિકારક્ષેત્રો મર્યાદિત-અંગ્રેજી નિપુણ મતદારોને જરૂરી સહાય પૂરી પાડે છે તેની ખાતરી કરવામાં વિભાગની ભૂમિકા શું છે?*

***જાણ કરવી*** વિભાગ અધિકારક્ષેત્રોને સૂચિત કરે છે કે તેઓને કલમ 203 હેઠળ આવરી લેવામાં આવ્યા છે અને સમુદાયોને કાયદા અને ભાષા સહાયની જરૂરિયાતો વિશેની જાણ કરે છે.

***સહાય કરવી*** વિભાગ સફળ ભાષા સહાયતા કાર્યક્રમના વિકાસ અને અમલીકરણ અંગે અધિકારક્ષેત્રોને માહિતી પ્રદાન કરે છે અને ભાષા સહાયની આવશ્યકતાઓનું પાલન કરવા અંગેના પ્રશ્નોના જવાબ આપે છે.

વિભાગ સ્થાનિક ચૂંટણી અધિકારીઓને કલમ 203 નું પાલન કેવી રીતે કરવું તે અંગે માર્ગદર્શન પણ આપે છે. આ માર્ગદર્શિકાનું શીર્ષક "લઘુમતી ભાષાના સમૂહો અંગે મતદાન અધિકાર અધિનિયમની

જોગવાઈઓનું અમલીકરણ" છે. 28 C.F.R. ભાગ 55 (www.justice.gov/crt/page/file/927236/dl?inline).

***અમલ કરવો*** વિભાગ કલમ 203 ના કથિત ઉલ્લંઘનોની તપાસ કરે છે અને ઉલ્લંઘનોને રોકવા માટે યોગ્ય અમલીકરણના પગલાં લે છે.

# વધુ જાણવું અને યુનાઇટેડ સ્ટેટ્સના ન્યાય વિભાગનો સંપર્ક કરવો

### *હું કલમ 203 વિશે વધુ માહિતી ક્યાંથી મેળવી શકું?*

તમે સંપૂર્ણ લખાણ સાથેની કલમ 203 વિશેની માહિતી, આવરી લેવાયેલા અધિકારક્ષેત્રોની સૂચિ અને યુનાઇટેડ સ્ટેટ્સ એટર્ની જનરલની લઘુમતી ભાષાની માર્ગદર્શિકા www.justice.gov/crt/about-language-minority-voting-rights પર ઓનલાઇન મેળવી શકો છો.

### *હું કલમ 203 વિશે વિભાગનો સંપર્ક કેવી રીતે કરી શકું?*

તમે વિભાગના નાગરિક અધિકાર વિભાગના મતદાન વિભાગનો સંપર્ક 1-(800) 253-3931 પર કૉલ કરીને અથવા www.civilrights.justice.gov પર ફોર્મ ભરીને કરી શકો છો.

U. S. Department of Justice
Civil Rights Division

**Justice.gov/voting**

Gujarati